# ગાંધીનગર બરફીલા પવનની લપેટમાં : પારો ૭.૪ ડિગ્રી

**દિવસે પણ ઠંડીનો ચમકારો : કાતિલ ઠંડીની અસરથી જનજીવન પ્રભાવિત : હજુ પણ બે દિવસ ઠંડીનુ જોર યથાવત રહે તેવી સંભાવના : શ્રમિકો તાપણાના સહારે : સેકટરોના મકાનોમાં હીટર ઓન**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં સુસવાટા મારતા બરફીલા પવનના લીધે જનજીવન કાતિલ ઠંડીની ગિરફતમાં છે. ઠંડીનો પારો આજે વધુ બે ડિગ્રી ગગડીને ૭.૪ ડિગ્રી પહોંચી જતા નગરજનોએ અસહ્ય ઠંડી અનુભવી હતી. લઘુત્તમ તાપમાન ગગડવાની સાથે કાતિલ પવન ફુંકાતા ઠંડીની અસર બેવડાઈ હતી. દિવસ દરમિયાન પણ નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. ઠંડીની અસરથી નગરના માર્ગો પર સાંજ ઢળતા જ સન્નાટો જોવા મળે છે.જયારે સેકટરોમાં રાત્રિના સમયે ઠેર ઠેર ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણા કરવામાં આવી રહ્યા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઠંડીનો મિજાજ હજુ ઉગ્ર રહેશે તેમ મનાઈ રહ્યુ છે. આકરી ઠંડીના લીધે નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં ઠંડીએ આ વર્ષે હદ વટાવી છે. આકરી ઠંડીની સાથે પવનનુ જોર પણ વધુ રહેતા નગરજનો શીતલહેરમાં થર થર ધ્રુજી રહ્યા છે. અગાઉ ઠંડીનો પારો ૬ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. જયારે છેલ્લા ઘણાં સમયથી ઠંડીનુ જોર યથાવત છે. આકરી ઠંડીની સાથે બરફીલો પવન ફુંકાતા નગરજનો માટે શિયાળાની ઋતુ અસહ્ય બની છે. ઠંડીનો પારો છેલ્લા કેટલાક દિવસથી સિંગ્લ ડિઝીટમાં જ છે. ત્યારે આજે ફરી એકવાર ઠંડીનો પારો બે ડિગ્રી ગગડીને ૭.૪ ડિગ્રી પહોંચી ગયો હતો. બીજીતરફ મહત્તમ તાપમાન પણ ઘટીને ૨૩.૫ ડિગ્રી આવી ગયુ હતુ.

દિવસ દરમિયાન પણ ઠંડીની સાથે પવનનુ જોર રહેતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે સાંજ ઢળતા જ શહેર આકરી ઠંડીની ગિરફતમાં આવી જાય છે. રાત્રિના સમયે નગરના માર્ગો પર કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હિમાલયમાં થયેલી હિમવર્ષાના લીધે કાતિલ ઠંડા પવને ઠંડીનુ જોર



વધારી દીધુ છે. ઠંડીનો પારો ગગડવાની સાથે સુસવાટા મારતા બરફીલા પવનના લીધે સમગ્ર શહેર કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. ઘરોમાં હીટર ચાલુ કરીને રહીશો ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા છે.

જયારે ખુલ્લામાં જીવતા શ્રમિકો તાપણુ કરીને ઠંડી સામે લડત આપી રહ્યા છે. કોલ્ડવેવથી બચવા માટે અનેક નુસખાઓ અજમાવી રહ્યા છે. ઠંડીનુ જોર ઘટતુ નથી. જયારે આગામી બે દિવસ હજુ કોલ્ડવેવની અસર યથાવત રહે તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે. દિવસ દરમિયાન પણ રાત્રિ જેવી ઠંડીનો અહેસાસ થતા શહેરમાં હિલસ્ટેશન જેવો નઝારો જોવા મળી રહ્યો છે. આકરી ઠંડીના લીધે સવારે મોર્નિંગ સ્કુલે જતા વિદ્યાર્થીઓની હાલત પણ કફોડી બની છે.

## ફેબ્રુઆરીના પ્રારંભે ભારે હિમવર્ષા થવાની શક્યતા : અંબારામ પટેલ

**એકાદ દિવસમાં ઠંડી ઘટશે પરંતુ હજુ પણ સુસવાટાભર્યા પવન સાથે આકરી ઠંડી પડશે**

ગાંધીનગર, તા. ૨૮

દેશના ઉત્તર-પર્વતીય પ્રદેશોમાં આગામી તા. ૨થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન ભારે હિમવર્ષા થવાની શક્યતા છે. એકાદ દિવસમાં ઠંડીનું પ્રમાણ ઘટશે પરંતુ હજુ પણ સુસવાટાભર્યા પવનો તથા ઠંડીની અસરથી જનજીવન પ્રભાવિત રહેશે તેમ જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે.

શહેરમાં ઠંડીનું પ્રમાણ વધુ વર્તાઈ રહ્યુ છે. શહેરીજનો ઠંડી સહેવાતા સજાગ બનતા જણાય છે ત્યારે જાન્યુઆરી માસનો અંત આવતો હોવા છતાં ઠંડીનું જોર વધતુ જ જાય છે. આ બાબતે ગાંધીનગરના હવામાનશાસ્ત્રી અંબાલાલના કહેવા મુજબ ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય બાબતોને ધ્યાનમાં લેતા ઠંડીનું જોર એક-બે દિવસ પછી ઘટવાની શક્યતા રહેશે. આ કારણ પશ્ચિમી વિક્ષેપની અસર તા. ૩૦મી અને ૩૧ તથા ફેબ્રુઆરી મહિનાની શરૂઆત થતાં વાદળોનો ઘેરાવો રહે તેમ છતાં હજુ પણ ઠંડીની અશરો જશે નહિ અને સુસવાટાભર્યા પવનો થીજવશે.

ફેબ્રુઆરી ૨ થી ૧૧ સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા સાથે ઠંડા પવનોની અસરો કૃષિપાકો પર પણ જણાશે. જમ્મુ-કાશ્મીર તથા હરીયાણા અને પંજાબના કેટલાક ભાગોમાં સખત ઠંડી પડી શકે છે. દેશના મધ્ય ભાગ સુધી ઠંડીના ચમકારા સાથે રાજસ્થાન, આબુ અને કચ્છના અમુક ભાગોમાં પણ સુસવાટાભર્યા પવનોની અસર જણાશે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## સરગાસણના અંતિમધામમાં સીસી કેમેરા તેમજ કોલ્ડ સ્ટોરેજની સુવિધા કરાશે

**દુર રહેતા સગા સંબંધીઓ સ્વજનોની અંતિમક્રીયાના દર્શન કરી શકશે : કોલ્ડસ્ટોરેજ પણ બનાવાશે**

ગાંધીનગર તા ૨૮

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણના રુદ્રભુમિ અંતિમ ધામમાં સી સી ટી વી કેમેરા મુકવામાં આવશે આ ઉપરાંત અંતિમધામમાં કોલ્ડસ્ટોરેજ પણ બનાવવા માટે આયોજન કરાયુ છે. ટુંકમાં આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી શરૂ કરી દેવાશે.

ગુડા વિકસિત વિસ્તારમાં તબક્કારવા વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. અગાઉ વિવિધ ટી પી વિસ્તારમાં વિવિધ કેટેગરીને ધ્યાને લઈ નવા આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે હજુ પણ સરગાસણ અને કુડાસણમાં ગુડા દ્વારા નવા આવાસો તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરીવા સહીત રોડ નેટવર્ક ઉભુ કરવા માટેની કામગીરી પણ તેજ બનાવવામાં આવી છે. ગુડા દ્વારા તબક્કાવાર વિકાસના નવા કામો સાથે માળખાગત સુવિધાની કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. જયારે ગુડા નિર્મિત રાયસણ , ચિલોડા અને અડાલજની આવાસ યોજનામાં પણ સી સી ટી વી કેમેરા લગાવાની કામગીરી હાથ ધરવા અગાઉ નિર્ણય લેવાયો હતો. પરંતુ હજુ સુધી આ કામગીરી થઈ શકી નથી. પરંતુ હાલમાં સરગાસણ સ્થિત રૂદ્રભુમિ સ્મશાન ગૃહમાં ગુડા દ્વારા સી સી ટી વી કેમેરા લગાવવા માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના આધારે આગામી દિવસોમાં દુર રહેતા સગાસંબંધીઓ પોતાના સ્વજનોની અંતિમક્રીયાના દર્શન કરી શકશે. જયારે સરગાસણના ગુડા સંચાલિત અંતિમધામમાં કોલ્ડસ્ટોરેજ પણ ઉભુ કરવામાં આવશે. ગુડા દ્વારા ટુંક સમયમાં જ ટેન્ડર પ્રક્રીયાના અંતે આ કામગીરી શરૂ કરી દેવાશે. ગુડા સંચાલિત અંતિમધામમાં જરૂરી સુવિધાઓ અપગ્રેડ કરાશે.

## સે. ઉમાંસ્વાઈન ફલુનો કેસ

**૭૭ વર્ષીય વૃદ્ધ રોગની ઝપટમાં, સારવાર માટે અમદાવાદ દાખલ કરાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેક્ટર-ઉમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવનો કેસ મળી આવતાં તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જાન્યુારી માસથી શરૂ થયેલા નવા વર્ષમાં ગાંધીનગર શહેરમાં સે. ૮ ખાતેથી અગાઉ એક મળી આવેલ અને આ બીજો કેસ સે. ઉમાંથી મળ્યો છે. આમ આ નવી સિઝનમાં સ્વાઈન ફલુના બે કેસ થયા છે. મહાનગરપાલિકા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૩-એ ના ૭૭ વર્ષના એક વૃદ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધ હાલ કિડની ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે સારવાર હેઠળ છે. દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. મનપા આરોગ્યતંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી પરંતુ કોઈ શંકાસ્પદ કેસ કે દર્દી મળી આવેલ નથી. ગત વર્ષે સે. ઉમાં સ્વાઈન ફલુના કેસ અન્ય સેક્ટરોની તુલનામાં વધુ નોંધાયા હતા જે નોંધનીય છે. તંત્રએ આ કેસને પણ ગંભીરતાથી લઈ આ સેક્ટર સહિત સમગ્ર શહેરમાં સ્વાઈન ફલુ અંગેની જાગૃતિ માટે અલાયદુ અભિયાન છેડવાની વિચારણા હાથ ધરેલ છે. હજુ ગત સપ્તાહે જ મ્યુનિ. કમિશનરશ્રીએ મનપાના આરોગ્યતંત્રને સતર્ક રહી ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ માટેનો આગ્રહ કર્યો હતો જે નોંધનીય છે.

## જિલ્લાની ૧૩ શાળાઓમાં દફતર વજનની ચકાસણી માટે ટીમો ત્રાટકી

**૯૦૦થી વધુ બાળકોના દફતરના વજનની ચકાસણી કરાઈ : શાળા સંચાલકોને મૌખિક તાકીદ કરાઈ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની ૧૩ જેટલી પ્રાથમિક શાળાઓના બાળકોના દફતર વજનને લઈ આજે ચકાસણી કરવામાં આવી હતી.

દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકાની નોનગ્રાન્ટેડ ખાનગી શાળાઓમાં આજે પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિના વડપણ હેઠળ ૨૫થી વધુ અધિકારીઓની ટીમો ત્રાટકી હતી.

મળતી વિગતો પ્રમાણે આ ટીમો વજન કાંટા સાથે જે તે શાળાએ પહોંચી હતી. અંદાજે ૯૦૦થી વધુ બાળકોના દફતરની ચકાસણી

● અનુસંધાન પાન-૭ પર



## શહેરના મુખ્યમાર્ગો આસપાસ રંગબેરંગી ફુલો નિખારવા રોપાઓની વાવણી

**વિધાનસભા સામે પણ નવા રોપાઓની વાવણી : જાળવણીના અભાવે કેટલાક ઠેકાણે રોપાઓ સુકારાનો ભોગ**



ગાંધીનગર તા ૨૮

શહેરના મુખ્યમાર્ગો પર આસપાસની વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર કલરકોડ પ્રમાણે ફુલો નિખરે તે મુજબનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. વિધાનસભા સામે સ્થિત માર્ગની એકબાજુએ પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જો કે આ પૈકી અગાઉ કરવામાં આવેલા રોપાઓ સુકારાનો ભોગ બન્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન બ્યુટીફિકેશનના અનેક વિધ કામો હાથ ધરવામાં આવ્યા હતા. જયારે બ્યુટિફિકેશન પાછળ તોતિંગ ખર્ચ પણ કરવામાં આવ્યો છે. બીજીતરફ વનતંત્ર દ્વારા પણ વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે. બાકી રહેતા ફેન્સીંગના કામને પુર્ણ કરવા ઉપરાંત અન્ય માર્ગોને પણ આ કામગીરી હેઠળ આવરી લેવા માટે વનતંત્રએ દરખાસ્ત કરી છે. જેના અંતે આગામી દિવસોમા હરિયાળીને જાળવણી અને જતનને અનુલક્ષી લોખંડની ફેન્સીંગ હેઠળ અન્ય માર્ગોની આસપાસનો વિસ્તાર પણ આવરી લેવાશે. જયારે હાલ નગરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ રંગબેરંગી રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરાયુ છે. જેમાં નવા રોપાઓની વાવણી અગાઉ કરવામાં આવ હતી. જયારે હાલ વિધાનસભા સામેના વિસ્તારમાં એકઝોરા, ટીકોમાં,કેના ગુલટોરા સહીતના વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ ઠેકાણે અવનવા ફુલો નિખરશે. જયારે અગાઉના રોપાઓ જાળવણીના અભાવે સુકારાનો ભોગ બની રહ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## મગફળીની ખરીદીના મુદ્દે ખેડૂતોએ હોબાળો મચાવ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકામાં મગફળી ખરીદીમાં ગુણવત્તાને લઈ ઉત્પાદનતંત્રની ટીમ દ્વારા રિજેક્ટ કરવામાં આવતાં ખેડૂતોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

કેટલાક ખેડૂતોના માલ સાથે માટીનું પ્રમાણ પણ વિશેષ જણાયુ હોવાથી તે સાફ કરીને લઈ આવવા પણ જણાવવામાં આવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે આ મુદ્દે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાને પણ રજુઆત કરવામાં આવી હતી. જોકે લાંગાએ પણ સરકારની સ્પષ્ટ નીતિ હોવાનું જણાવી ગુણવત્તાનો આગ્રહ રાખતાં ખેડૂતો શાંત પડ્યા હતા.

આ પહેલાં જિલ્લાતંત્રના અધિકારીઓ પણ ચિલોડા પહોંચ્યા હતા અને તેમણે દરમ્યાનગીરી કરી ખેડૂતોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ખેડૂતો માન્યા ન હતા. મળતી વિગતો પ્રમાણે કિસાનસંઘ અને અન્ય સંગઠનના આગેવાનોનો પણ માલ ગુણવત્તાને લઈ રિજેક્ટ થતાં મામલો બિચક્યો હોવાની વાતો પણ બહાર આવવા પામી છે.

## ઓનલાઈન હાજરી અપલોડ કરવાનું ભૂલી ગયેલી શાળાના આચાર્યોના ખુલાસા પુછાયા

**ગાંધીનગર શહેર અને જિલ્લાની ૫૦ જેટલી શાળાઓમાં આવી ભૂલ બહાર આવી**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર સહિત જિલ્લાની ૫૦થી વધુ શાળાઓ દ્વારા ઓનલાઈન હાજરી અંગેની વિગતો અપલોડ કરવામાં ન આવતાં તંત્ર દ્વારા આ અંગે કારણદર્શક નોટીસો જારી કરી ખુલાસો માંગતા શિક્ષણ જગતમાં દોડધામ મચી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી માટેની પ્રથા દાખલ કરવામાં આવી છે અને તે ફરજીયાત પણ છે. આ હાજરીની વિગતો નિયત સમય-મર્યાદામાં જ ફોન દ્વારા અપલોડ કરવાની હોય છે. તંત્ર દ્વારા ચાલી રહેલા મોનીટરીંગમાં ગાંધીનગર શહેર સહિત જિલ્લાની ૫૦ શાળાઓ દ્વારા આ બાબતમાં ચૂક કરવામાં આવી હોવાનું ધ્યાને આવતાં નોટીસ ફટકારવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા ગત સપ્તાહે આ નોટીસો જારી કરવામાં આવી હતી. કેટલાક આચાર્યોએ સર્વર ડાઉન હોવાનું, નેટવર્ક પકડાતુ ન હોવાના ફાલતુ કારણો સાથે તંત્રને ખુલાસો કરવાનું શરૂ કરી દીધુ છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષણતંત્રએ પણ મોનીટરીંગ વ્યવસ્થાને સઘન બનાવી છે અને જો ત્રણ વખત એક જ શાળા આ અનિયમિતતામાં પકડાય તો તેના આચાર્ય અને શિક્ષકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટેનું મન બનાવી લીધુ છે.

જે શાળાઓ દ્વારા ખુલાસા રજુ કરવામાં આવ્યા છે તેમને આ સાથે કડક તાકીદ પણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના શિક્ષણ વિભાગે પણ આ મુદ્દે કોઈ પણ પ્રકારની અનિયમિતતા સાંખી નહિ લેવાની સૂચનાઓ આપી છે. સરકારે કેટલાક જિલ્લાઓમાં તો આ મુદ્દે ક્રોસ ચેક પણ કર્યુ છે અને તે માટે જવાબદાર જણાયેલ અધિકારીઓના ખુલાસા પણ માંગ્યા છે જે નોંધનીય છે.

## પ્રાર્થના સભા



અમારા મોટાભાઈ **બિપીનભાઈ જયસુખલાલ પંડ્યા (ઓશો યશ)** (મૂળ રાજકોટ, હાલ સિકન્દ્રાબાદ નિવાસી)નું તા. ૨૩/૧/૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતની પ્રાર્થના સભા તા. ૨૯/૧/૧૯ને મંગળવારના રોજ ૫-૦૦ થી ૭-૦૦** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : 'હાશ', બંગલો ૨૫૬/૧, ગ-૧ ટાઈપ, સેક્ટર-૧૯, શોપીંગ સેન્ટર પાસે, ગાંધીનગર**

લી.

સ્વ. મીરા વિષ્ણુકુમાર પાઠક (મુંબઈ)
કિરીટ પંડ્યા (અમદાવાદ)
હિતેશ પંડ્યા (પીઆરઓ ટુ સીએમ)
શ્રીમતી દર્શના વિરેન્દ્ર બોઘાણી (રાજકોટ)
પદ્મા બિપીનભાઈ પંડ્યા (પત્ની)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE™ DR. FIXIT® TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com